<u>નવી બાબત: ૨૦૨૫-૨૬</u>

**SCW-1** બાલવાટિકા(ધો.-૧ પહેલાંનું વર્ષ)માં પ્રવેશ મેળવનાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવા અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ **SJED/ASO/e-file/17/2024/2436/G**

સચિવાલય, ગાંધીનગર.

તા:૦૩/૦૪/૨૦૨૫

<u>વંચાણે લીધાઃ</u>

(૧) શિક્ષણ વિભાગનો તા: ૨૮/૦૪/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક : જશભ/૧૨૨૧/૫૦૩/ન

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૧/૫૧૭૨૮૩/ન.બા-૬/ગ

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૪/૧૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક : અજાક/ગ-૧/૧૨૦૨૪-૨૫/૪૯૩૨-૩૩

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૮/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક : અજાક/ગ-૧/૧/૨૦૨૪-૨૫/૧૧૪૧-૪૩

<u>આમુખ:</u>

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના શિક્ષણ વિભાગના ઠરાવથી 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦'નાં અમલ માટે રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલ શાળા શિક્ષણ-ટાસ્ક ફોર્સ સમિતિ દ્વારા કરવામાં આવેલ ભલામણ મુજબ ગુજરાત રાજ્યમાં ૫ વર્ષથી વધુ ઉંમરના બાળક માટે ધોરણ-૧ પહેલાંનું વર્ષ બાલવાટિકા તરીકે નક્કી કરવામા આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૨) પરના આ વિભાગના ઠરાવથી અનુસૂચિત જાતિના ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ત્રણ જોડ ગણવેશ માટે વાર્ષિક રૂ.૯૦૦/- સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક : (૩) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા સરકારી તથા અનુદાનિત પ્રાથમિક શાળાઓ અને સ્વનિર્ભર શાળાઓમાં બાલવાટિકા(ધો.૧ પહેલાંનું વર્ષ)માં પ્રવેશ મેળવનાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે રૂ.૯૦૦/- ગણવેશ સહાય આપવા નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. પ્રસ્તુત બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 03-Apr-2025 (01:58 PM)

